# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન ● વર્ષ : ૫ ● સળંગ અંક : ૩૪૭ ● તા. ૧ ફેબ્રુઆરી થી ૭ ફેબ્રુઆરી ૨૦૨૫



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.


KDO SANJIVANI

## જ્ઞાતિના દરદીઓને ત્વરિત સહાય આપતી શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનની

# સંજીવની સમિતિ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member





# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444

www.shubhdiamonds.com    Contact : 9884899494    E.Mail : pratik.mota@shubhdiamonds.com

## -: શુભેચ્છા સહ :-
## માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
## (ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group,
# 203, Jaydeep Emphasis,
2nd Floor, Opp. PNB
Bank, Near Datta Mandir,
Above Saraswat Bank,
Waghle Estate, Thane
(W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/ મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# ત્યાગનો મહિમા મોટો

ત્યાગને બીજા અર્થમાં કહીએ તો તપ છે. ત્યાગ એટલે આપણું પોતાનું કોઈને અર્પણ કરવું. રાજી ખુશી અને આનંદિત થઈને આપણું સુખ ભોગ કે સમૃદ્ધિમાંથી એક નાનકડો ટુકડો આપીએ તો એ ત્યાગ છે. સર્મપણ છે. જે કઈ દાન પુણ્ય કરતાં અનેક રીતે ચડિયાતો હોય છે.

ત્યાગ એટલે તજવું. આપણે આપણને વ્હાલી હોય, અતિ પ્રિય હોય એ ચીજ કે વસ્તુ કે ભૌતિક પદાર્થ કોઈને અર્પણ કરવું, આપી દેવું એ ખરે ખર ઉત્તમ પુણ્ય છે. જીવનમાં ત્યાગનું કે છોડવાનું અતિ મહત્વ છે. પણ એ આનંદ સાથે કરાયો હોય તો મજબૂરીથી કે નારાજગીથી કરાયેલા ત્યાગ ભાવનાશીલ, લાગણીશીલ નથી હો તો. વસ્તુની પ્રાપ્તિથી આપણે આનંદ અનુભવીએ છીએ એ આનંદ આપણે કોઈ ચીજ વસ્તુને ત્યાગ કરતી વેળાએ અનુભવી શકીએ તોજ સાર્થક થઈ શકે. આપણું હતું તેનો અભાવ આપણે માણીએ સ્વખુશીથી અને સ્વાનંદથી તો જ ત્યાગની યર્થાથતા ગણાય. જે વસ્તુ આપણી પહોંચની બાહર હોય આપણી ગજા ઉપરાંત હોય તેની પ્રત્યે ત્યાગનો ભાવ રાખીએ એ છલના છે. બધુ છોડીને ભાગી જવું કે દુન્યવી સુખોને છોડી દેવાથી માત્ર ત્યાગ સધાતો નથી.

સંસાર છોડી દઈએ બધાનો ત્યાગ કરી દઈએ પરંતુ મન, મગજમાં સંસાર ભર્યો હોય તો તે ત્યાગની કોઈ કિંમત નથી. મનથી સંસારને છોડી દેવાનું, સમર્પણ ભાવથી ત્યાગ કરવું કઠિન છે. સાધુ જીવન સ્વીકારવું આસાન છે. પણ મનથી સંસાર તજવું કઠિન તપ છે. એક સંસાર છોડ્યા પછી સાધુતાનો વૈભવી આલમ રચાઈ જાય એ પણ સર્વથા નિંદનીય છે. આપણી સમજ છે કે સુખી અને શ્રીમંત વ્યક્તિ જ દાન કરી શકે, આપી શકે. આમ ત્યાગ માત્ર તાલેવંત વ્યક્તિઓ કરે એવું આપણું માનવું છે. પણ હકીકતમાં તો દરેક માણસ, નાનો હોય કે મોટો, હીન હોય કે અમીર સૌ કોઈ પોતાની પાસે રહેલ શક્તિ અને સાધનો ના પ્રમાણમાં ત્યાગ કરી પોતાનો અવતાર દિપાવી શકે છે. માત્ર લાખ રૂપિયા ઉડાડવાથી ત્યાગનો મહિમા થતો નથી. ભૂખ્યો ગરીબ માણસ પોતાને માંડ માંડ મળેલી રોટલીમાંથી એક ટુકડો પણ બીજાને ત્યાગ કરૂણા અને દયા ભાવથી આપે તો એ ઉચ્ચ પ્રકારનો ત્યાગ છે. આમ જોઈતો ઉદાર માણસોજ ત્યાગ કરી શકે. કૃપણ, લોભી લાલચુ માણસોતો પોતાની જરૂરતની તો શું તેમની પાસે પડેલી નિરર્થક નકામી કે ફાજલ વસ્તુઓ પણ છોડી શકતા નથી. એમને તો કેવળ લેવામાં સંગ્રહ કરવામાં રસ હોય છે. છોડી દેવામાં નહીં.

ત્યાગ સાથે દયા અને ઉદાર ભાવ હોય તો જ તેની સાર્થકતા થાય. ત્યાગ એ તપશ્ચર્યા છે. એ અર્થ ભાવથી આપણે લઈએ તો ત્યાગનો આનંદ, તેમાં રહેલા સુખનો ભાવ જરૂર માણી શકીએ. જીવનમાં જે મળેલું છે. તે માણવું હર્ષપૂર્વક સ્વીકારવું આનંદપૂર્વક પસાર કરવુ તેનો મર્મ સમજી તેને જીવવું એ સાર્થક જીવનની સફળતા છે. એટલે જ જ્ઞાનીઓ એ કહ્યું છે. 'ત્યાગ ન ટકે વૈરાગ્ય વિના'. અલિપ્ત ભાવ, અનુરાગ દિન રહી કોઈ સુખ, સમૃદ્ધિનો સંતોષ સાથે છોડીએ એ જ ત્યાગ છે. મહા તપ છે.

– જય જ્ઞાતિમૈયા

# સ્ત્રીની હાજરીથી જીવનમાં વસંત

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

વિદ્વાનજનો કહે છે કે સ્ત્રીનું કોઈ ઘર નથી હોતું, પરંતુ હકીકત એ છે કે સ્ત્રી વિનાનું કોઈ ઘર નથી હોતું. જે ઘરમાં સ્ત્રી ન હોય તો તે ઘર સ્મશાન સમાન લાગે છે. પુરૂષને સ્ત્રી અને કિસ્મત જ્યારે ભરપૂર સાથ આપેને ત્યારે તેની જિંદગી આબાદ બનાવી દે છે. એક ગૃહિણી જ્યારે બીમાર પડે છે ત્યારે એને પોતાની તબિયત કરતાં પણ વધારે ચિંતા એને એના પરિવારની, તેમની ભોજનની હોય છે. બીમારી, દર્દ-તકલીફને કારણે પોતાને ભલે લેશ માત્ર ખાવાની રૂચિ ન હોય પણ પતિ-સંતાનોને પરિવારજનોના પેટ ભરેલા હોય તેવું ઈચ્છે છે. કમજોરી હોવા છતાં થોડીક વાનગી બનાવી ને પરિવારજનો સમક્ષ ભોજન થાળ પીરસે છે. સ્ત્રીને અન્નપૂર્ણા એટલે જ તો કહી છે. સ્ત્રીને ત્યાગની મૂર્તિ કહે છે.

જો તે કોઈની બહેન છે તો પ્રેમનું દર્પણ છે. ભાભી હોય તો ભાવનાનો ભંડાર છે, મામી માસી તરીકે મમતાનો વીરડો છે. કાકી તરીકે કર્તવ્યની સાધક છે, માતા તરીકે સાક્ષાત પરમાત્માનો અવતાર છે અને પત્ની તરીકે સમર્પણ, સ્નેહ અને ત્યાગનો સરોવર છે. આ દૈવી સ્વરૂપ અને સંબંધનો તંતુ છે.

પૃથ્વી પર માનવ જીવનનો આરંભ થયો ત્યારથી આદમ અને ઈવ એટલે કે સ્ત્રી અને પુરૂષના દેહ અસ્તિત્વમાં આવ્યા છે. શરીરના બંધારણની દ્રષ્ટિએ બળ અને બુધ્ધિમાં વિશેષતા ધરાવતા પુરૂષોએ સમય જતાં પુરૂષ પ્રધાન સમાજની સ્થાપના કરી. જ્યારે શરીર નાજુક અને નમણી એવી સ્ત્રીઓએ પુરૂષના, પરિવારના સેવાનું કાર્ય હસતે મોંઢે ઉપાડી લીધું. આજીવિકા રળવાની ફરજ પુરૂષની માથે આવી પરિણામે પુરૂષ પરિવારનો વડો અને સર્વોપરી બની ગયો. કામોઢી સ્ત્રી ઘરના ઢસરડા કરી પુરૂષની દાસી બની રહી. સદીઓથી ચાલી આવતી આ પરંપરા, ને લીધે સ્ત્રીનું ખૂબજ શોષણ અને અપમાન થતું રહ્યું. શિક્ષણના અભાવે તેના અસ્તિત્વની ઉપેક્ષા થતી ગઈ. કેળવણી વિના તેની પ્રગતિ થંભી ગઈ, તેની જીવનનો વિકાસ જાણે થંભી ગયો.

સુધારાવાદી સમાજ સુધારકોને લીધે પુરૂષોની પાછળ સ્ત્રી સતી થાય એ પ્રથાની નાબૂદી થઈ. કન્યા કેળવણીનો પ્રસાર-પ્રચારના અથાગ પ્રયત્નો કર્યા પછી સ્ત્રીઓની સ્થિતિમાં સુધારો થવાનો શરૂ થયો. દીકરીને દૂધ પાવાના કુરિવાજ, વિધવા વિવાહની બદી પ્રત્યે જાગૃતિ થવા પછી નારી વિકાસનો જુગ પ્રકાશમય થતો ગયો.

આજે અનેક વર્ષોના વહાણા વાહ્યા પછી સ્ત્રી ઉચ્ચ શિક્ષણ મેળવીને તમામ ક્ષેત્રે સ્ત્રી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. પુરૂષોને પાછળ મૂકી દઈ પ્રગતિ કરી છે અને કીર્તિમાન હાંસલ કર્યા છે. રાજકારણ, કલા, આરોગ્ય સાહિત્ય, વિજ્ઞાન, પ્રોફેશનલ ક્ષેત્રે સ્ત્રી આગળને આગળ છે. સ્ત્રીનું જીવન અગરબત્તી જેવું છે. જેમાં આગ પણ છે અને સ્વભાવની સુગંધ છે. તપ છે તો ત્યાગ પણ છે. ધીરજને સહનશીલતા પણ છે. ધૂપસળીની જેમ પોતે જલીને સમગ્ર સમાજ-પરિવારને સુંગધિત કરવાની તાકાત સ્ત્રીમાં છે. સ્ત્રી એક એવું પાત્ર છે જે પોતાની પસંદગીથી નહી પણ બીજાની પસંદગીથી પોતાનું જીવન જીવતી હોય છે. સ્ત્રી અને  સોલ્ટ એટલે મીઠું, નમક બંન્ને વચ્ચે અજબની સામ્યતા છે. સ્વાદમાં તેની હાજરીની યોગ્ય નોંધ લેવાતી નથી પરંતુ તેની ગેરહાજરીથી વાનગી બે સ્વાદ થઈ જાય છે. આવું જ સ્ત્રીનું છે. તેની હાજરી વસંતનો અનુભવ કરાવે છે. તો ગેરહાજરી પાનખર સર્જી દે છે.


## જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

**1st Jan - 30th June 2025**

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

COMMERCIAL VEHICLE LOAN

SOLAR LOAN

*7.49% (p.a.)

*8.49% (p.a.)

GOLD LOAN

LOAN AGAINST PROPERTY

TRADE LOAN

LOAN AGAINST INSURANCE POLICY

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or


**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm (Except Bank Holidays)

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank

# સંજીવની કેસ નં. ૧૭૧ માટે જરૂરી ભંડોળ રૂા.૨.૫૬ લાખ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાયું




જખૌ-થાણાના ૫૮ વર્ષીય શ્રીમતી ગુણવંતી નવીન જિવાણી થાઈરોઈડમાં ફોલ્લો થયો હતો. જેને માટે ટોટલ થાઈરોઈડકટોમી કરાવવી પડી છે. તેઓ ડાયાબિટીસ, હાઈપરટેન્શન અને અતિ તીવ્ર અસ્થમાની બીમારીથી ગ્રસ્ત છે. હોસ્પિટલ દ્વારા અંદાજિત ખર્ચ રૂા.૩.૮૨ લાખ અપાયો છે. આંશિક જરૂરિયાત રૂા.૨.૩૨ લાખ છે. આ માટે કુલ રૂા.૨.૫૬ લાખની મદદ મળે એ માટે સમસ્ત મહાજનની મેડિકલ સમિતિ સમક્ષ સંજીવની અંતર્ગત અરજી કરી.

જણાવતા ખુશી થાય છે કે ભંડોળ માટેની જરૂરિયાત ક્રાઉડ ફંડિગ માટે જાહેર કરાતા નામ માત્ર સમય દરમ્યાન જોઈતું ભંડોળ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ બંધ કરાવી દેવાયું છે.

આજ સુધીના દરેકે દરેક સંજીવની અરજીઓના સમયસર અને સુયોગ્ય રીતે ઉકેલી શક્યા છીએ. જેનો શ્રેય જ્ઞાતિના શ્રેષ્ઠી દાતાઓ, મહાજનો, મંડળો, એકમો અને સંસ્થાઓનો છે. આપ સૌનો આત્મીય સહકાર માટે મેડિકલ સમિતિ અનુમોદના કરે છે.

# શ્રી ક.દ.ઓ.જૈન મહાજન મુંબઈની ટર્મ વર્ષ ૨૦૨૫-૨૦૩૦ માટે નવા કારોબારી સભ્યો

શ્રી ક.દ.ઓ.જૈન મહાજન મુંબઈની નવી ટર્મ વર્ષ ૨૦૨૫-૨૦૩૦ માટે ૫૧ નવા કારોબારી સભ્યો વરાયા છે. જેમાં નયન અશોક ભેદા, કુમાર બાબુભાઈ દંડ, વિરેન્દ્ર ભવાનજી લોડાયા, ચેતન મેઘજી મોતા, રાજુલ ભદ્રેશ પટેલ, રાજેશ રાયચંદ છેડા, અભય પદમશી ખોના, અલકા ચેતન ભેદા, અનુજ ગિરીશકુમાર લોડાયા, ભાવેશ રતિલાલ મોતા, ભાવિની મનીષ લોડાયા, ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા, દેવેન્દ્ર શાંતિલાલ ધરમશી, ધારિણી પ્રતાપ મોતા, ધર્મિતા અનુજ લોડાયા, દિનેશ રામજી લોડાયા, ગુલાબ ડુંગરશી ધરમશી, જયેશ વિજય મોમાયા, કલ્પેશ નિરંજન મોમાયા, કવિતા કલ્પેશ ધરમશી, લોપા હિમાંશુ નાગડા, મનીષા ચેતન પોલાડિયા, મનીષા મિતેષ લાલકા, મનોજ દામજી લોડાયા, મયુર મોતીલાલ લોડાયા, મુકેશ ભવાનજી લોડાયા, નિતેશ મૂલજી ગોસર, પંકજ મણીલાલ પોલાડિયા, પારસ પદમશી મૈશેરી, પરેશ નારણજી ગોસર, રાજેશ જયંતીલાલ લોડાયા, રોહિત તેજપાલ ધરમશી, સનત કુવરજી ખોના, સંજય રતિલાલ અજાણી, વર્ષા લક્ષ્મીચંદ લોડાયા, વિજય વિસનજી સોની, વિપુલ કાંતિલાલ લોડાયા, વિપુલ મણીલાલ પોલાડીયા, વિપુલ વાલજી ખોના, વિરચંદ નરશી લોડાયા. ચાર સિલેકટેડ સભ્યો અમિત શાંતિલાલ મોમાયા, અંકિત પ્રફુલ મોતા, ચિરાગ રજનીકાંત નાગડા, જીવરાજ ગોવિંદજી લોડાયા તથા સાત કો.ઓ.સભ્યો ચિરાગ પ્રકાશ લોડાયા, જતીન નવીનચંદ લોડાયા, કવિતા હેમંત ધુલ્લા, મયુરી જિમિત દંડ, તેજલ રાજેશ લોડાયા, ઉર્વેશ ભરત છેડા.

---

## હિંદી ફિલ્મી જગતના સુપ્રસિધ્ધ જયેષ્ઠ સંગીત વાદક કલાકાર જયંતીભાઈ ગોસરનો શ્રી ઉદ્યાન ગણેશ મંદિરને સમર્પિત સંગીત પ્રોગ્રામ તા.૫ ફેબ્રુઆરીના દિને



દાદર વેસ્ટના વીર સાવરકર માર્ગ સ્થિત જાણીતા ગ્રાઉન્ડ શિવાજી પાર્ક સ્થિત શ્રી ઉદ્યાન ગણેશ મંદિર સેવા સમિતિ મુંબઈ સંચાલિત શ્રી ઉદ્યાન ગણેશ મંદિર દ્વારા પ્રસ્તુત તા.૫ ફેબ્રુઆરી ૨૦૨૫ બુધવાર સાંજે ૬.૩૦ કલાકથી રાતે ૯ કલાક સુધી સ્ટેજ પ્રોગ્રામ ઝંકારલ્યા તારા ચમકતો સિતારો શિર્ષક અંતર્ગત હિંદી ફિલ્મી સૃષ્ટિના સુવિખ્યાત જયેષ્ઠ વાદક કલાકાર જયંતીભાઈ ગોસર દ્વારા સાદર સંગીત કાર્યક્રમની રજૂઆત કરાશે.

નિવેદિકા નિમિષા વાલાવલકર, ગાયક-હાર્મોનિયમ વાદક મનોજ દેસાઈ, ગાયિકા ડૉ.શિલ્પા માલંડકર, સિંથેસાયઝર આરતી ગોસાવી, તબલા વાદક નિષાદ કરલીગકર, હેન્ડસોનિક-સાઈડ રિધમ એડવોકેટ મહેન્દ્ર શેડગે, કાઁગો-ઢોલકી વાદક પ્રભાકર મોસમકર, ગટાર વાદક દિલીપ મેજારી સંગત કરશે.

---

## તિરુપુરમાં યોજાયેલ મેગા બ્લડ ડોનેશન અને મેડિકલ કેમ્પમાં સતિષ નાગડા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિતિ રહ્યાં

તા.૨૬ જાન્યુઆરીના મુયાર્મા મક્કલ અમાઈપુ અને તિરૂપુર સાઉથ રોટરી ક્લબ દ્વારા યોજાયેલ મેગા બ્લડ ડોનેશન કેમ્પ અને મેડિકલ કેમ્પમાં પૂર્વ ધારાસભ્ય તિરૂપુર દક્ષિણ સાથે સતિષ નાગડા પણ અતિથિ વિશેષ તરીકે ડાયસ પર ઉપસ્થિત રહ્યાં હતાં.



# જ્ઞાતિજનોને આહ્વાન

**આપણી જ્ઞાતિની વિરાસત ભવિષ્યમાં સચવાયેલી રહે સાથો સાથ આજની પેઢીને આપણી જ્ઞાતિની સંસ્કૃતિ-સંસ્કાર અને વિરાસતની આધારભૂત માહિતી મળે એ જરૂરી છે. જે માટે સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિ ગ્રંથનું સંકલન કરવાનું આયોજન છે. જે માટે માહિતી સંકલિત કરાઈ રહી છે.**

જ્ઞાતિના સૌ મહાજનો/સંસ્થાઓ/વ્યક્તિઓ સૌને જણાવવાનું કે આપની પાસે આપણી જ્ઞાતિ વિષેની માહિતી, વિગત, જાણકારી હોય તે લખીને ફોટા સાથે ઈમેઈલ **kdogranth@gmail.com** ઉપર મોકલવા વિનંતી

અથવા

**શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન કેડીઓ મીડિયા સમિતિ**

બી-૩, કૃષ્ણ કુંજ, ગ્રાઉન્ડ ફ્લોર, વાલજી લધ્ધા રોડ, વિકાસ પ્લાઝોની પાસે, મુલુંડ(વેસ્ટ).

**વધુ વિગત માટે સંપર્ક**

**98690 05403 / 98330 72879**

# જલગામ સંઘમાં રાષ્ટ્રસંત ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૧૧૨ મી જન્મ તિથિએ ગુણાનુવાદ સભા યોજાઈ





ખાનદેશ પ્રાંતના જલગામ સંઘની પાવન ધરા પર વાસુપૂજ્ય સ્વામીના પરમ સાંનિધ્યમાં અને અજોડ શાસન પ્રભાવક ૨૪મા વર્ષીતપના તપસ્વીરત્ન પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા.ના પાવન નિશ્રામાં રાષ્ટ્રસંત ભારત દિવાકર અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ની ૧૧૨મી જન્મતિથિ પ્રસંગે ગુણાનુવાદ સભાનું આયોજન કરાયું હતું.



# ગુજરાત શુભેચ્છક મંડલ તિરૂપુર દ્વારા આનંદ મેળાનું આયોજન કરાયું





તા.૨૬ જાન્યુઆરી રવિવાર પ્રજાસત્તાક દિને ગુજરાતી શુભેચ્છક મંડલ તિરૂપુર દ્વારા આનંદ બજારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રમતના અને ખાણીપીણીના મળીને કુલ ૧૬ સ્ટોલ હતા.

આ પહેલાં સવારે ગુજરાતી સમાજમાં ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. જેની સમગ્ર વ્યવસ્થા સંસ્થાના સેક્રેટરી સતિષ હંસરાજ નાગડા અને જયકુમાર મોમાયાએ કરી હતા.



# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી જાન્યુઆરીથી એપ્રિલ માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા. ૦૧ ફેબ્રુઆરી થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | નલિયા તીર્થ-શ્રી ચંદ્રપ્રભસ્વામી તથા અન્ય જિનાલયની ૧૮૫ મી ધ્વજા નિમિત્તે મહોત્સવ. |
| તા. ૦૧ ફેબ્રુઆરીથી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | લાલા તીર્થ : શ્રી ચંદ્રપ્રભ સ્વામી જિનાલયઃ ૧૧૮મુ ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૦૧ ફેબ્રુઆરીથી ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | અનંત ડાયગ્નોસ્ટિક સેન્ટર દ્વારા રાહત દરે વિવિધ તપાસણી કેમ્પ શાંતિ હાઈટ્સ (મીરા શ્યામ), ગોશાલા રોડ, મુલુંડ વેસ્ટ. |
| તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી અચલગચ્છ જૈન સંઘ મંજલ રેલડીયાની વાર્ષિક સામાન્ય સભા તથા ટ્રસ્ટીઓની ચુંટણી, આર કે પાઠશાળા, ભાડુંપ |
| તા. ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી ક દ ઓ મહાજન જખૌ આયોજિત વાર્ષિક સામાન્ય સભા સહ સ્નેહ મિલન. સવારે ૯.૦૦ ક. થી. પરમ કેશવ બાગ, ઘાટકોપર |
| તા. ૦૩ ફેબ્રુઆરી ૨૦૨૫ | સુજાપર મહાજનઃ શ્રી અજિતનાથજી જિનાલય ૧૪૩ મુ ધ્વજારોહણ મહોત્સવ તથા નુતન ઉપાશ્રયનું ખાત મુર્હુત/શિલા સ્થાપન. |
| તા. ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | કેડીઓ સી. એ. એસોસિયેશનઃ વાર્ષિક મીટીંગ મા યુનિયન બજેટ ૨૦૨૫ પર વાર્તાલાપ તથા જુન/ડીસેમ્બર ૨૫ મા ઈન્ટર/ફાઈનલ સી. એ. કે સમકક્ષ પરીક્ષા પાસ થનાર કેડીઓનુ બહુમાન બપોરે ૩.૦૦ ક. થી. તક્ષશિલા હોલ, સોમૈયા કોલેજ કેમ્પસ, વિદ્યા વિહાર, મુંબઈ. |
| ૦૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાણપર તીર્થ : ૧૩૩ મુ ધ્વજારોહણ મહોત્સવ. લાભાર્થી : મા. વનિતાબેન હીરાચંદ વિકમશી. |
| તા.૦૮ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી ૨૫ | શ્રી સાંધવ તીર્થ : ૧૫૯ મુ ધ્વજારોહણ મહોત્સવ તથા શ્રી માણેકજી મેઘજી લોડાયા પરીવાર પ્રેરીત જિન ભક્તિ મહોત્સવ. |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | વરાડીયામાં બિરાજમાન ડાઘા કુળદેવી શ્રી મોમઇ માતાજીની મુંબઈમાં સળંગ ૩૩મી પહેડીઃ લાભાર્થી શા. દામજી વેલજી ડાઘા ( કોઈમ્બતુર) પરીવાર : મેવાડ કેશરી હોલ, ભાડુંપ. |
| ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | વરાડીયા ગામમાં બિરાજમાન મોમાયા પરીવારના કુળદેવી શ્રી મોમાઇ માતાજીની ૩૧ મી સમુહ પહેડી ૦૯.૦૨.૨૫ ના જીવરાજ ભાણજી હોલ, મુલુંડ. |
| તા. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૫ | અનંત ખેલોત્સવ ૨૦૨૫ શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મુંબઇ તથા શ્રી ક.દ.ઓ. મંડળ ડોમ્બિવલીના ઉપક્રમેઃ સવારે ૭.૩૦ ક. થી ડોમ્બિવલીમાં. |
| તા. ૦૯ ફેબ્રુઆરીથી ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી વારાપધર આદિનાથ જિનાલય : ૧૬૪ મુ ધ્વજારોહણ મહોત્સવ : લાભાર્થીઃ મા. જયાબાઇ હંસરાજ વીરજી વિકમશી. |
| તા. ૧૦ ફેબ્રુઆરી ૨૦૨૫ | કોઠારા શ્રી શાંતિનાથજી જિનાલયની ૧૬૪ મી ધ્વજા મહોત્સવ. |

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

| | |
|---|---|
| તા. ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૫ | મુમુક્ષુ શ્રી હાર્દિકકુમાર મુલચંદ ચાંપશી મૈશેરી ( મોટી સિંધોડી- ડોમ્બિવલી) ની પ્રવજ્યા દિક્ષાઃ દંતાણી મા નવ નિર્મિત જિનાલય ની પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન. |
| તા. ૧૩ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી રાપર ગઢ તીર્થ – શ્રી ગોડીયા પાર્શ્વનાથજી જિનાલય દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૧૩ ફેબ્રુઆરી અને ૧૪ ફેબ્રુઆરી ૨૦૨૫ | જસાપર તીર્થઃ શ્રી પદમાવતી મહાપુજન સહ શ્રી આદિનાથ દાદા જિનાલયનું ૧૪૮ મું ધ્વજારોહણ મહોત્સવ |
| તા. ૧૬ ફેબ્રુઆરી ૨૦૨૫ | શ્રી કચ્છ પરજાઉ ક.દ.ઓ. જૈન મહાજન ટ્રસ્ટઃ વાર્ષિક સામાન્ય સભાઃ વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુન્જ, મુલુંડઃ બપોરે ૪.૦૦ ક. |
| તા. ૧૮ ફેબ્રુઆરી ૨૦૨૫ | મોટી સિંધોડી- નેમનાથજી જિનાલય : દ્વિતીય ધ્વજારોહણ મહોત્સવ. |
| તા.૨૮ ફેબ્રુઆરી થી ૦૨ ફેબ્રુઆરી ૨૦૨૫ | સાંયરા તીર્થઃ ૧૪૭ મા ધ્વજારોહણ નિમિત્તે ત્રિહાનિકા મહોત્સવ |
| તા. ૦૧ માર્ચ ૨૦૨૫ | સાંયરા વિકાસ મંડળ આયોજિત સ્નેહમિલનઃ સાંયરા મા |
| તા. ૨૨ માર્ચ ૨૦૨૫ | શ્રી સમસ્ત ક.દ.ઓ.સચ્ચાઇ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઇ માતાજી ની સમુહ પહેડીઃ આર. આર. સભાગૃહ, મહાડા કોલોની, મુલુંડ ઈસ્ટ. |
| તા. ૩૦ માર્ચ ૨૫- ૦૨ એપ્રિલ ૨૫ | તેરામાં બિરાજમાન મોતા પરીવારના કુળદેવી શ્રી અંબાઈમાના ભુવા શ્રીનું ચયન તથા ૨૫મી સમુહ પહેડીઃ કચ્છ તેરા. |
| ૦૩ એપ્રિલ ૨૫ થી ૧૩ એપ્રિલ ૨૫ | સાંધવ તીર્થઃ સં. ૨૦૮૧ ચૈત્ર માસની આયંબિલ ઓળી. |
| તા. ૧૦.૦૪.૨૫ થી ૧૨.૦૪.૨૫ | લાલપુર મા શ્રી ભલારા દાદા દેવસ્થાને ધ્વજારોહણ સહિત ચૈત્રી મહોત્સવઃ ચૈત્ર સુદ તેરસ થી પુનમ. |
| તા. ૧૦ થી ૧૨ એપ્રિલ ૨૦૨૫ | જખૌ બિરાજમાન વિકમશી પરીવારના કુળદેવી શ્રી સચ્ચા માતાજીના ભોઇ મા ના બાના ( ગંધી) બદલીઃ ૧૦.૦૨.૨૫ ના તથા પુડસા દાદા ના ભુવા શ્રીની ચયન વિધિ : ૧૦.૦૨.૨૫ થી ૧૨.૦૨.૨૫ઃ જખૌ સ્થાને. |
| તા. ૧૨ એપ્રિલ ૨૦૨૫ | વારાપધર મા બિરાજમાન શ્રી દાદા ભલારા દેવસ્થાન ના ભોઇ મા ના બાના (ગંધી) બદલી પ્રસંગ. ચૈત્રી પુનમ. |

# ફુલ ખીલે ગુલશન ગુલશન





**પૃથ્વી**

**મોમાયા પરિવાર**

**માતા – પરાગ**

**પિતા – ચાંદની**

**જન્મ – ૧૯-૧-૨૦૨૫**

**ગામ – જલગાવ**

**હાલ – બારોઈ**



# શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન રાયપુરમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી





શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન, રાયપુર શ્રી કુંથુનાથ જિનાલયના પ્રાંગણમાં રવિવાર, તા.૨૬-૧-૨૦૨૫ના સવારે ૧૦ વાગે ૭૬મા પ્રજાસત્તાક દિવસે (ગણતંત્ર દિવસના)ધ્વજારોહણ મહાજનના પ્રમુખ ચંદ્રેશ વીરચંદ છેડાના હસ્તે કરવામાં આવેલ. જ્ઞાતિના વડીલજનો બાળકો બહોળી સંખ્યામાં હાજરી આપેલ. અંતમાં માતુશ્રી મલ્યાબેન જવેરચંદ છેડા પરિવાર દ્વારા સ્વલ્પાહારની વ્યવસ્થા રાખવામાં આવેલ.

## પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા. સંયમ જીવનના ૨૦ મા વર્ષમાં ભવ્ય પ્રવેશ કર્યો



વિક્રમ સંવત ૨૦૬૨ મહાસુદ પાંચમ તિથિ દિને બાંઢીયા ગામના સદગુણાબેન મૂલચંદભાઈ લોડાયાના ધર્માનુરાગી પુત્રી પાલીતાણા તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી સંયમ જીવન પથનું વિચરણ ગુરૂમૈયા પ.પૂ. સાધ્વીશ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ.સાધ્વીશ્રી હિમાંશુશ્રીજી મ.સા.ના નૂતન નામે શરૂ કર્યું.

ધર્મ, તપ, ત્યાગ, ભક્તિ આરાધના કરતાં કરતાં પાંચ, દસ, પંદર વર્ષથી આગળ વધી આજે વિક્રમ સંવત ૨૦૮૧ મહાસુદ પાંચમ તિથિ દિને સંયમ જીવનના ૧૯ વર્ષ પૂર્ણ કરી સફળ રીતે ૨૦ મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. ત્યારે ગુરૂભક્તોની મંગલકામના ભાવના છે કે પૂજ્ય સાહેબ આત્મ કલ્યાણ મોક્ષ માર્ગે અવિરત આગળ વધતા રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષ પૂર્ણ કરી શતક વર્ષના શીર્ષ શિખરે બિરાજે. પૂજ્ય સાહેબને શત શત વંદના.

## કાંજુરમાર્ગ સંઘમાં શ્રી વિમલનાથ દાદાના જન્મકલ્યાણક નિમિત્તે સ્નાત્ર પૂજન ધર્મ આરાધનાઓ કરાઈ








તા.૩૧ જાન્યુઆરી શુક્રવારના દિને શ્રી ક.દ.ઓ.જૈન કાંજુરમાર્ગ સંઘમાં શ્રી વિમલનાથ દાદાના જન્મકલ્યાણક દિને સ્નાત્ર પૂજન આયોજન કરાયું હતું. મંડળની બહેનો સ્નાત્ર પૂજા ભણાવી હતી. સંઘના ભાવિકો અભિષેક કર્યા હતા. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ઉત્સાહભેર ધર્મ આરાધનામાં જોડાઈ ધન્ય લાભ લીધો હતો.

# ભાંડુપ અનંત યુવા ગ્રુપ દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટ બાંડીયા કપ ૨૦૨૫ નું આયોજન ભવ્યતાથી સંપન્ન થયું



ભાંડુપ અનંત યુવા ગ્રુપ દ્વારા તા.૨૫ જાન્યુઆરી શનિવાર અને તા.૨૬ જાન્યુઆરી રવિવારના બે દિવસ સનરૂફ ગ્રાઉન્ડ મુલુંડમાં ક્રિકેટ ટુર્નામેન્ટ બાંડીયા કપ ૨૦૨૫નું ભવ્ય આયોજન ભવ્યતાથી સંપન્ન થયું. ભાંડુપ રમોત્સવ અંતર્ગત કરાયેલ આ આયોજનમાં ૪૦ વર્ષ સુધીના ખેલાડીઓની ૧૦ ટીમ અને ૪૦ વર્ષથી ઉપરનાઓથી ૪ ટીમો મેદાનમાં ઉતરી હતી. આ બંન્ને વય ગ્રુપો માટે અલગ અલગ કપ માટે સરસાઈ થઈ હતી. આમ ટૂર્નામેન્ટમાં બાંડીયા કપ વચ્ચે બે ગ્રુપમાં લડત થઈ હતી. ક્રિકેટ ઈવેન્ટના મેઈન સ્પોનર્સ માતુશ્રી પુષ્પાબેન દામજી લોડાયા બાંડીયા ભાંડુપ અને માતુશ્રી તારાબેન હીરાચંદ નાગડા બાંડીયા હતા. કો.સ્પોનસર શ્રી હેમંત ભરત ડાઘા મે.એચ.પી.ડાઘા શિપીંગ એન્ડ લોજેસ્ટીક હતા. જર્સીના સ્પોનર્સ છેડા કન્સલ્ટન્સી સર્વીસ, મેન ઓફ ધ મેચ સ્પોનર્સર કિપસન હોલીડે, યુ ટ્યૂબ લાઈવ અને કપ સ્પોનર્સ મહેક ફિન માર્ટ પ્રા.લિમીટેડ અને રિફ્રેશમેન્ટ સ્પોનર્સ શ્રી વિપિન શામજી ખોના હતા.

કેડીઓના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ ગામને નામથી કપ માટે ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જે માન બાંડીયા ગામને નામ થયું. બધા સહભાગ લીધેલ ખેલાડીઓનું ઓક્શ આઈપીએલની તર્જ પર થયું હતું. શનિવાર અને રવિવાર બંન્ને દિવસ ડે એન્ડ નાઈટ ટૂર્નામેન્ટ ખેલદિલી ભર્યા માહોલમાં થઈ હતી. રાતે મેચો રમાય એ માટે ફ્લેડલાઈટોની વ્યવસ્થા કરાઈ હતી. દરેક ટીમના ખેલાડીઓ મેનેજમેન્ટ ગ્રાઉન્ડ મેન્સ માટે સવારના નવકારશી લંચ-ડીનર બપોરે હાઈ ટી, વરિયાળી શરબત વિવિધ પ્રકારના સૂપ ઈત્યાદીની ભરપૂર વ્યવસ્થા કરાઈ હતી. ટૂર્નામેન્ટના બે દિવસ દરમ્યાન મુંબઈ મહાજનના પ્રમુખ શ્રી નયનભાઈ ભેદા, ઉપપ્રમુખ શ્રી કુમારભાઈ દંડ, સેક્રેટરી શ્રી ચેતનભાઈ મોતા સહિત વિવિધ સમાજ અગ્રણીઓ, બાંડીયા ગામના જ્ઞાતિજનો, મુલુંડ, ભાંડુપ, ઘાટકોપર, ડોંબિવલીથી બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ખેલાડીઓનો ઉત્સાહ વધારવા હાજર રહ્યાં હતાં.










# ભાંડુપ અનંત યુવા ગ્રુપ દ્વારા ક્રિકેટ ટૂર્નામેન્ટ બાંડીયા કપ ૨૦૨૫ નું આયોજન ભવ્યતાથી સંપન્ન થયું





ક્રિકેટ એ એક રમત માત્ર નથી. પણ તે સ્નેહતાંતણાને મજબૂત કરતો એક માર્ગ છે જે બંન્ને હૃદય વચ્ચે જોડાઈ અતૂટ સંબંધ અને મૈત્રીને મજબૂત કરે છે. આ વાત ટૂર્નામેન્ટના ૧૭૦ થી વધુ રમતવીરોએ યર્થાથ કરી બતાવ્યું હતું.

ટૂર્નામેન્ટની ટીમો અને ટીમ ઓનર નીચે મુજબ હતા. ૧) ૪ટી ચેમ્પસ ટીમ ઓનર કલ્પેશ લોડાયા તથા માર્ગદર્શક મેન્ટર સમીર પી. ધરમશી ૨) સિટી રેન્જરર્સ ટીમ ઓનર સમીર પટેલ સિટી સિરામીક્સ, મેન્ટર વિનીત એન.ખોના ૩) ફોર્ચ્યુન બુલ્સ ટીમ ઓનર દેવાંગ દંડ, મેન્ટર પાર્થ ડી.સોની ૪) એચ.એમ.ટીમ ઓનર હેમંત છેડા, મયૂર નાગડા મેન્ટર અંકીત એન.ધરમશી ૫) જવી રોયલ્સ ટીમ ઓનર વિપુલ મોતા જવી ગ્રુપ, મેન્ટર હેમંત એમ.લોડાયા ૬) જીત વોરિર્યસ ટીમ ઓનર વિપુલ ખોના, મેન્ટર વિપુલ વી.ખોના ૭) કેડી સ્મેર્સસ ટીમ ઓનર ખંતીલ મોમાયા કેડી ટેક્સ વિઝર્સ મેન્ટર કલ્પેશ આર.ધરમશી ૮) મસ્જિદ બંદર ઈન્ડીયન્સ ટીમ ઓનર અમિશ મોમાયા મેન્ટર ચિરાગ આર.શાહ ૯) વિક્રોલી વાઈકીંગ ટીમ ઓનર પંકજ જે.ખોના વિક્રોલી ઓટોમોબાઈલ્સ મેન્ટર દલેશ એચ.ધુલ્લા ૧૦) વિનીત સુપરકીંગ ટીમ ઓનર મીતા વિનીત ધરમશી મેન્ટર પ્રિન્સ વી.ધરમશી.

લેન્ર્જડસ ટીમો ૧) એન એમ સ્કાઈકર્સ ટીમ ઓનર મયંક લોડાયા મેન્ટર આશિત જે. લુઠીયા ૨) પ્રથમ ટાઈગર્સ ટીમ ઓર્નસ રાજેન્દ્ર ધુલ્લા પ્રથમ સર્વીસ ફિનકોર્પ એલએલપી મેન્ટર કલ્પેશ બી.લોડાયા ૩) શ્રી સાઈ ગ્લેટીયર્સ ટીમ ઓનર જયેશ લોડાયા, મેન્ટર જયેશ એમ.લોડાયા ૪) વેન્ચુરા બ્લાસ્ર્ટસ ટીમ ઓનર પરીન દૌલત વેન્ચર પેકેજર્સ પ્રા. લિમીટેડ મેન્ટર ઉતીન લોડાયા.









# કે.ડી.ઓ. ક્લાસિક દ્વારા બોલીવુડ પાર્ક પ્રવાસ એક અભૂતપૂર્વ અને રંગીન અભિયાન યોજાયો



લગભગ એક ફિલ્મી શાનદાર શરુઆત સાથે, કે.ડી.ઓ. ક્લાસિક પરિવાર એક યાદગાર દિનને જીવવા બહાર નીકળી ગયો. સવારે ૯ વાગ્યે ફિલ્મસિટીના મુખ્ય દરવાજા પર સૌના ઉત્સાહની કિરણો ઝળહળ, અને ત્યારબાદનો માર્ગ સંપૂર્ણ રીતે બોલીવુડના ઝકઝમાટથી ભરેલો રહ્યો.

સાંસ્કૃતિક દ્રશ્યો અને ફિલ્મી ધમાલ આ દિવસનું મુખ્ય આકર્ષણ હતું સભ્યો દ્વારા પહેરાયેલ વિવિધ બોલીવુડ થીમવાળા લુક, જેમ કે ''દમ મારો દમ'' થીમ, ''રાજકપૂર'' થીમ, ''દેવદાસની પારો'' અને ''કુછ કુછ હોતાં હૈની કાજોલ''. દરેક સભ્યએ પોતાની જુદી-જુદી શૈલીમાં એવી ફિલ્મી આગણી પેદા કરી કે જેમણે મનમોહક દશ્યોને જીવંત કરી નાખ્યા.

પ્રારંભિક દ્રશ્ય  એક સિનેમેટિક શરૂઆત સવારના ૯ વાગ્યે જ્યારે સૌ મળ્યા, ત્યારે એવું લાગ્યું કે કોઈ મહાન ફિલ્મની શૂટિંગ શરૂ થઈ ગઈ છે. દરેક સભ્યએ જીવંત અને ભાવનાત્મક રીતે પ્રવેશ કર્યો અને દરેકના ચહેરા પર એક અલગ જ ફિલ્મી ઝલક છલકાતી રહી.

બોલીવુડનો જાદુ અને ઉત્સવની ધુમધામ બોલીવુડ પાર્કની અનુભૂતિ દરેકને એક અનોખી દુનિયામાં લઈ ગઈ. જ્યાં દરેક ખૂણામાં ઉછળતી રમૂજ અને પ્રસન્નતા અનુભવી શકાતી હતી.

ભોજન અને મિત્રતાપૂર્ણ વાતચીતની સુગંધ બપોર પછી, વિશેષ રીતે તૈયાર કરેલો ફુલ લંચ મળ્યો, જેમાં દરેક સભ્યએ પોતાના મનપસંદ વાનગીનો આનંદ લીધો. ત્યારબાદના હાઇ-ટી દ્વારા, સાંજના સમયે એકબીજાની મિત્રતા અને બોલીવુડની ફિલ્મી યાદોને ફરી જીવંત કરી.

અંતિમ દ્રશ્ય અભૂતપૂર્વ વિદાય આ તમામ ઉત્સવની ઝલક અને આનંદની ક્ષણોનો અંત ૪:૩૦ PM પર થયો, પરંતુ તે સ્મરણો અને અનુભવો હૃદયમાં સદા જીવંત રહેશે.

સદસ્યોનો અભૂતપૂર્વ ઉત્સાહ  સિનેમા જગતનું સાચું જાદુજેમ કહેવાય છે કે, ''ફિલ્મનો આનંદ તો દર્શકોમાં જ હોય છે,'' અને આ દિન સાબિત કરી ગયો કે જ્યારે કે.ડી.ઓ. ક્લાસિક પરિવાર એકસાથે આવે છે, ત્યારે એક જાદુ સર્જાય છે. દરેક સભ્યના ઉત્સાહ, નિયમોનું પાલન અને મિત્રતા એ સિનેમેટિક સક્સેસનું રહસ્ય છે.

આ દિવસ આપણને માત્ર બોલીવુડની યાદોથી નહિ, પરંતુ એક પરિવાર તરીકે ઉજવેલા સાહસ, મસ્તી અને પ્રેમની અનમોલ યાત્રા બતાવી.

કે.ડી.ઓ. ક્લાસિક ટીમ ''જેમ બોલીવુડની ધમાલ અનંત હોય છે, તેમ આપણી સાથેની યાદો પણ અનંત રહેશે!''





|| ડોંબિવલીના રાજરાજેશ્વર શ્રી સુવિધિનાથાય નમો નમઃ ||

# શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી

સંઘપ્રેરક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.

## શ્રી ગુણોદય ધામ (સોનગઢ) થી શ્રી શત્રુંજય મહાતીર્થ

# શ્રી આદિ - સુવિધિ છ'રી પાલિત સંઘ પ્રસંગે

## પધારવા ભાવભર્યું આમંત્રણ



દિવ્યકૃપા : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા., જિનશાસન શિરોમણી, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

શુભઆજ્ઞા / આશિષ : સાહિત્ય દિવાકર, અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.

મંગલકામના : સરળ સ્વભાવી પ.પૂ.આ.ભ. શ્રી કવીન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., પ્રશમરસનિધિ પ.પૂ.આ.ભ. શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા.

**શુભ પ્રેરણા : પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મપ્રભસાગરજી મ.સા.**

શુભ નિશ્રા : અચલગચ્છાધિપતિશ્રીના આજ્ઞાવર્તી પ.પૂ. મુનિરાજ શ્રી તીર્થરત્નસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી રાજશેખરસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી ધર્મશેખરસાગરજી મ.સા., પ.પૂ. મુનિરાજ શ્રી માર્ગનિધાનસાગરજી મ.સા. આદિ અચલગચ્છીય શ્રમણ- શ્રમણી ભગવંતો

**શ્રી ગુણોદયધામ (સોનગઢ) થી શુભ પ્રયાણ**
સંવત ૨૦૮૧, મહા વદ ૯,
**શુક્રવાર, તા. ૨૧-૨-૨૦૨૫**

**આપના સુકૃતની અંતરથી અનુમોદના**

**શ્રી શત્રુંજય તીર્થે સંઘમાળ**
સં. ૨૦૮૧, મહા વદ ૧૨,
**સોમવાર, તા. ૨૪-૨-૨૦૨૫**

## શ્રી આદિ સુવિધિ કલ્યાણ મિત્ર પરિવાર -ડોંબીવલીના સંઘપતિ પરિવારો

- માતુશ્રી જયાબેન ટોકરશી શામજી લોડાયા પરિવાર (કોઠારા તીર્થ)
- માતુશ્રી નીતાબેન મનોજ ચંદ્રકાંત પાસડ ભાછાભા પરિવાર (દેઢીઆ)
- માતુશ્રી રાજુલબેન મણીલાલ દેઢિયા (મોટા લાયજા)
  હ. માતુશ્રી વાસંતીબેન વી. હરિયા (બાડા)
- માતુશ્રી આશાબેન અમૃતલાલ ભવાનજી સંગોઈ
  હ. આશી, તીર્થ નૈના ભાવિન સંગોઈ (સમાઘોઘા)
- માતુશ્રી અમૃતબેન ડુંગરશી ગાલા (મકડા)
  હ. ગીતાબેન લલિત નાગડા (નરેડી)
- કલ્પજ્યોત પરિવાર (જખૌ તીર્થ)
  હ. અ.સૌ. જિલ સુમિત નાગડા
- માતુશ્રી ચંદનબેન ધનસુખ સાવલા પરિવાર (કોડાય)

## ...છ'રિ પાલિત યાત્રાનું મહત્વ...

સમ્યગદર્શન નિર્મળ થાય છે, તીર્થમાં દ્રવ્ય વ્યયથી સ્થિર આત્મસંપત્તિ મળે છે. તીર્થમાં પરિભ્રમણ કરવાથી મનુષ્યો સંસારમાં પરિભ્રમણ કરતાં નથી, તીર્થંકરની ભક્તિથી સ્વયં પૂજ્ય બને છે. તીર્થયાત્રાથી ઉત્તમ અધ્યવસાય ઉત્પન્ન થાય છે. આત્મા કર્મના રજકણથી રહીત થાય છે. તીર્થયાત્રાથી જીવન પવિત્ર નિર્મળ બને છે. સમ્યગ્જ્ઞાનની તૃપ્તી, સમ્યગ્દર્શનની પૃષ્ટિ અને સમ્યગ્ચરિત્રની વૃદ્ધિ થાય છે. તીર્થની ઉન્નતિનો લાભ મળે છે, જિનાજ્ઞાપાલનનો ઉત્તમ લાભ મળે છે.

**આવો મહાન લાભ દેવ ગુરૂ કૃપાએ અમારા સંઘને પણ પ્રાપ્ત થયો છે.**
**300 યાત્રિકો છ'રિ ના નિયમ સાથે શ્રી ગુણોદયધામથી શ્રી શત્રુંજય તીર્થે દાદાને ભેટશે...**
**આ પાવન સંઘમાળના અવસરે પધારવા ભાવભર્યું આમંત્રણ...**

**લિ. : શ્રી અચલગચ્છ જૈન સંઘ - ડોંબિવલી**

# રાજ્યપાલના હસ્તે હિતેશભાઈ મોતાને સરસ્વતી સન્માન અર્પણ કરાયું



રાપરગઢવાળી-વાલકેશ્વરના હિતેશભાઈ માણેકજી મોતાને મહારાષ્ટ્ર રાજ્યના રાજ્યપાલ માનનીય સી.પી. રાધાકિષ્ણના હસ્તે ભગવાન મહાવીર સ્વામીના ૨૫૫૦મા નિર્વાણ કલ્યાણક મહોત્સવ સમિતિ આયોજિત રાજભવન મધે તા.૨ ફેબ્રુઆરી રવિવારના યોજાયેલ ઈનામ વિતરણ સમારોહમાં સરસ્વતી મૂર્તિ આપી સન્માન ગૌરવ કરાયું. આ પ્રસંગે સમિતિના પદાધિકારીઓ સાથે મહારાષ્ટ્ર રાજ્યના કેબિનેટ મંત્રી મંગલપ્રભાત લોઢાની ઉપસ્થિતિ રહી હતી.

સમારોહમાં ભગવાન મહાવીર સ્વામીના ૨૫૫૦મા નિર્વાણ કલ્યાણક મહોત્સવ નિમિત્તે આયોજિત કરાયેલી નિબંધ સ્પર્ધામાં વિજેતા થયેલને લાખોની રકમના ઈનામો અપાયા હતા. છત્રપતિ સંભાજી નગરની પ્રથમ વિજેતા વિદ્યાર્થીનીને રૂા.૪.૪૪ લાખ, નાંદેડના દ્વિતીય નંબરે વિજેતા વિદ્યાર્થીને રૂા.૨.૨૨ લાખ અને તૃતીય નંબરે યવતમાલની વિજેતા વિદ્યાર્થીનીને રૂા.૧.૧૧ લાખનું રોકડ પુરસ્કાર અપાયા હતા. રાજ્યની ૧૦ હજારથી વધુ શાળાના ૧૬ લાખથી વધારે વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

માનનીય રાજ્યપાલ સી.પી.રાધાકિષ્ણે ભગવાન મહાવીરના ઉપદેશોને આ પ્રકારની સ્પર્ધા આગળ ધપાવવાની પહેલની વિશેષ પ્રશંસા કરી હતી. ભગવાન મહાવીરના ઉપદેશોએ આપણને સામાજિક સેવાની પ્રેરણા આપે છે. આ પ્રકારની સ્પર્ધા લાખો વિદ્યાર્થીઓને તેમના ઉપદેશોને સ્વીકારવા પ્રેરિત કરે છે. નવી પેઢીના જેટલા વધારે વિદ્યાર્થીઓ ભગવાન મહાવીરના ઉપદેશનો સ્વીકાર કરશે તેટલો વધારે આપણો સમાજ શાંતિ અને અહિંસાનો માર્ગ મજબૂત બનાવશે.


|| દંતાણી તીર્થ મંડન શ્રી સીમંધરસ્વામિને નમઃ ||

|| વિધિપક્ષ અચલગચ્છ પ્રર્વતક દાદા ગુરૂશ્રી આર્યરક્ષિતસૂરિ ગુરૂભ્યો નમઃ ||

શ્રી સીમંધરસ્વામિ પ્રશંસિત, મહાત્યાગી-ક્રિયોદ્ધારક, વિધિપક્ષ (અચલગચ્છ)

પ્રવર્તક પ.પૂ.દાદાગુરૂદેવ શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી મહારાજાની જન્મ દીક્ષા ભૂમિની સ્મૃતિમાં નિર્મિત

**શ્રી આર્યરક્ષિત જૈન શ્વેતાંબર તીર્થ**

**શ્રી સીમંધરસ્વામી વીશ વિહરમાન ૩૨ વિજય મહાવિદેહ તીર્થ**

**આમુલચૂલ ભવ્ય સંગેમરમર ૩૨ જિનાલય સહ**

દાદા ગુરૂ શ્રી આર્યરક્ષિતસૂરિજી મ.ના ગુરૂ મંદિર (દાદા વાડી)નું જીર્ણોધ્ધાર... નવ નિર્માણ

તીર્થ સંસ્થાપક : શાસન સમ્રાટ, અચલગચ્છાધિપતિ પ.પૂ.ગુરૂદેવ આ.ભ. શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મહારાજા

તીર્થ પ્રેરક : જીર્ણોધ્ધાર માર્ગદર્શક : પુણ્ય પ્રભાવક સામ્રાજ્ય,

અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા

**અંજનશલાકા પ્રતિષ્ઠા મહામહોત્સવનો મુહૂર્ત :**

**વિ.સં. ૨૦૮૧ મહા વદ-૧ ગુરૂવાર. ૧૩/૨/૨૦૨૫**

**આજથી જ નક્કી કરો કે તમારે દંતાણી તીર્થની મુલાકાત લેવી છે.**

ઉત્તમ ભોજનશાળા - એસી/નોન એસી આધુનિક ધર્મશાળાની પરમ સુવિધા

● સંપર્કઃ મેનેજર - ભરતભાઈ દંડ - 9929917712

**સૌજન્ય : શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન (રાપરગઢવારી-કચ્છ)**


# પ.પૂ.સાધ્વીશ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા.એ સંયમ જીવનના ૨૧મા વર્ષમાં પ્રવેશ કર્યો



હાલાર પ્રાંતના ભરૂડીયા નગરના માવિત્ર ટીનાબેન અનિલ ધરમશીના ગુણ સંસ્કારી સુપુત્રી વિક્રમ સંવત ૨૦૬૧ની મહાસુદી ૨ તિથિ દિને જોગેશ્વરી મુંબઈ મધ્યે સંયમ જીવનના માર્ગે વિચરણ કરવાના મક્કમ ધ્યેય સાથે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી ગુરૂમૈયા પ.પૂ.સાધ્વીશ્રી દેવરક્ષિતાશ્રીજી મ.સા.ના શિષ્યા બની નૂતન નામ પ.પૂ.સાધ્વીશ્રી વ્રતરક્ષિતાશ્રીજી મ.સા. ધારણ કર્યું.

તપ, ત્યાગ, ધર્મ, ભક્તિ આરાધના કરતાં કરતાં આજે વિક્રમ સંવત ૨૦૮૧ મહાસુદી ૨ તિથિ દિને પૂજ્ય સાહેબ સંયમ જીવનના બે દાયકા, ૨૦ વર્ષ પૂર્ણ કરી શુકનવંતા એકવીસમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. આ મંગલ દિને ગુરૂભક્તો શુભકામના સાથે હૃદયની ભાવના વ્યક્ત કરે છે કે સાહેબજી સંયમજીવનના પંથે અવિરત આગળ વધતા રજત, સુવર્ણ, હીરક અને અમૃત વર્ષથી આગળ સુવર્ણ વર્ષ શિખરે બિરાજે. શત શત વંદના.

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**હંસરાજભાઈ નાગડા**
તા.૧ જાન્યુઆરી (ઉ.૬૫)
કોઠારા



**વિરચંદભાઈ નાગડા**
તા.૨૯ જાન્યુઆરી (ઉ.૬૫)
રાપર ગઢવારી-ડોંબિવલી




**નરેન્દ્રભાઈ લોડાયા**
તા.૨૯ જાન્યુઆરી (ઉ.૮૦)
વારાપધર-ખંડવા



**રેખાબેન મોમાયા**
તા.૩૦ જાન્યુઆરી (ઉ.૬૦)
સાંયરા-ચાલીસગામ



**વિમલાબેન નાગડા**
તા.૩૦ જાન્યુઆરી (ઉ.૮૪)
સાંધયાણ-ઘાટકોપર



**વૃંદાબેન મેપાણી**
તા.૩૧ જાન્યુઆરી (ઉ.૮૨)
પરજાઉ-ચેંબુર



**ગોવિંદજી લોડાયા**
તા.૧ ફેબ્રુઆરી (ઉ.૭૭)
સુજાપર-ભાંડુપ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**



# વતનજી વાવડ ...

– સં. રાજન ચદે 'ધૂની'

● અબડાસાના સેવાધામ રાતા તળાવ ખાતે આશાપુરા મંદિરના પુનઃજીર્ણોધ્ધાર માટે મુંબઈ સ્થિત દાતા રાજેશભાઈ શામજી નંદા બિટ્ટાવાળા પરિવાર તરફથી ૫૫૫ કળશરૂપી દાન જાહેર કરાયું છે. એક કળશની કિંમત એક લાખ રૂપિયા હોવાથી ઓધવરામ સત્સંગ મંડળના ૪૯મા વાર્ષિક મહોત્સવ પ્રસંગે મુંબઈ ખાતે રૂા.૫.૫૫ કરોડનું દાન સંસ્થાને અર્પણ કરાશે. રાતા તળાવ આશાપુરા માતાજી મંદિરના સંકુલમાં હવે મંદિરના પુનઃજીર્ણોધ્ધાર સાથે તળાવનું સુશોભીકરણ, ગૌમાતા રોડ, આધુનિક અતિથિગૃહ, ભોજનાલય વગેરેની સગવડોમાં વધારો કરાશે.

● ભારતને વિકસીત રાષ્ટ્ર બનાવવા માટે અનેક વિધ યોજનાઓ કેન્દ્ર સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવી રહી છે. તો વિકાસની દોડમાં પાછળ રહી ગયેલા તાલુકાઓને વિકાસ યાત્રામાં સામેલ કરવા માટે જિલ્લાના રાપર અને લખપતને વિકાસશીલ તાલુકા ઘોષિત કરાયા હતા. જોકે કરોડો રૂપિયા ખર્ચાયા બાદ પણ આ વિકાસશીલ શ્રેણીમાં આવવાથી દૂર રહ્યાં છે એ એક કડવી વાસ્તવિકતા છે. નીતિ આયોગ દ્વારા જારી કરાયેલા રેન્કિંગમાં કચ્છના બે વિકાસશીલ તાલુકા રાપર અને લખપતના રેન્કિંગ આંકડા અનુક્રમે ૪૧ અને ૪૭ છે. છ વર્ષમાં ૨૪ કરોડના ૪૫૦ થી વધુ વિકાસ કામો બંન્ને તાલુકામાં થવા છતાં બન્ને તાલુકાઓનું પછાતપણું હજુ દૂર થઈ શક્યું નથી હજુ પણ આ બે તાલુકાઓના એવા વિસ્તારો છે. જેમાં પાણી, ગટર, વીજળી, રસ્તા જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ જોવા મળી રહ્યો છે.

● ભજનો, લોકગીતો, ગઝલ, કવાલીઓ, લોકસંગીત કલાકારોના સૂરીલા સ્વરમાં પૂરક સૂર પુરાવતા હાર્મોનિયમ એટલે કે પેટીવાજું હોવું જરૂરી છે. સ્વર સાથે સંગત માટે, સૂર માટે પેટીવાજું જોઈએ એવો ગાયક કલાકારોનું માનવું છે. આ સાધન બગડે ત્યારે સૂર-બેસૂરા નીકળે તો તેને રિપેર કરાવવા એક્સ્પર્ટ કારીગરને શોધવો જરૂરી થાય છે. મધ્ય પ્રદેશના ગૌડ આદિવાસી કારીગરો આમાં માસ્ટરી ધરાવે છે. છેલ્લાં ત્રીસ વર્ષથી એમ.પી.ના કટનીથી બગડેલા સાજને રિપેર કરવા અને રોજી રળવા માટે આદિવાસી કારીગરો નિયમિત કચ્છ આવે છે. દિલ્હી-મુંબઈ-કલકતામાં તૈયાર થતાં નવા હાર્મોનિયમ ઓછામાં ઓછા પાંચ હજારથી સવા-દોઢ લાખના હોય છે.

● નેશનલ એસોસિએશન ફોર ધ બ્લાઈન્ડ કચ્છ ડિસ્ટ્રીકટ બ્રાન્ચ, લાયન્સ કલબ ઓફ ભુજ અને કચ્છમિત્રના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના પ્રજ્ઞાચક્ષુ ભાઈ બહેનો માટે ઓપન ચેસ ટૂર્નામેન્ટનું આયોજન કરાયું હતું. પ્રથમ વખત યોજાયેલ આ સ્પર્ધામાં ભુજ ઉપરાંત રાપર સામખિયાળી, મોટી રવ, ગાંધીધામ વિગેરે ૪૨ સ્પર્ધક હોંશભેર ભાગ લીધો હતો. ટુર્નામેન્ટના ત્રણ વિજેતાઓને શાલ અને રોકડ પુરસ્કાર આપી નવાજાયા હતા. તેમજ સૌ સ્પર્ધકોનું શાલથી સન્માન કરાયું હતું.

● નખત્રાણાને નગરપાલિકાનો દરજ્જો મળ્યા પછી અહીં હોટલો અને હોસ્પિટલોની સંખ્યા વધતી જાય છે. પશ્ચિમ કચ્છનું મુખ્ય મથક અને કચ્છનું બારડોલી કહેવાતા નખત્રાણા ગામમાં પાછલા દસ વર્ષમાં વેપાર વ્યવસાય વધયા છે તે સાથોસાથ મકાન અને જમીનના ભાવ પણ આસમાને પહોંચ્યા છે. નખત્રાણાના પ્રવેશ દ્વાર એવા એસ. ટી.વર્કશોપથી માંડીને વિરાણી રોડ સુધીના ચાર કિ.મી. માર્ગ ઉપર ૩૫ જેટલી હોટલ આવેલી છે. જેમાં હોટલ, રેસ્ટોરન્ટ, નાસ્તાગૃહ ઉપરાંત અહીંનો વથાણ ચોક નાસ્તા અને ખાણીપીણીનો હબ બની ગયો છે. જે દરરોજ સાંજે-રાતે અને રવિવારે તો ખાસ ધમધમે છે.




# insurancekhoj.com™

**the ultimate stop for insurance™**

#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.

90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com

LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA